# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/083 Dt. 14/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI તથા JITO સુરત ચેપ્ટરના સંયુકત ઉપક્રમે સરસાણા સ્થિત પ્લેટીનમ હોલમાં વેલ્થ ક્રિએશન મંત્રા ૨.૦ વિષે કાર્યક્રમ યોજાયો

### ભારતની રાજસત્તા જ નહીં પણ આર્થિક સત્તા પણ ગુજરાતથી જ છે, દેશ હવે ત્રીજી નહીં પણ વિશ્વની પ્રથમ આર્થિક મહાસત્તા બનવાની દિશામાં પ્રયાણ કરી રહયો છે : ઝી બિઝનેસના મેનેજિંગ એડિટર શ્રી અનિલ સિંઘવી

### ગુજરાત એ ભારતનું ઈકોનોમિક સોલ્જર છે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

### 'સારી વેલ્થ ક્રિએટ કરવા માટે બે કાર્યો કરી શકાય છે, પહેલું સારો બિઝનેસ કરવો અને બીજું સારા બિઝનેસ કરતા શેરમાં રોકાણ કરવું : શ્રી અનિલ સિંઘવી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન (JITO), સુરત ચેપ્ટરના સંયુકત ઉપક્રમે શનિવાર, તા. ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે ૩:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'વેલ્થ ક્રિએશન મંત્રા ૨.૦' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઝી બિઝનેસના મેનેજિંગ એડિટર શ્રી અનિલ સિંઘવીએ ઉદ્યોગકારો, રોકાણકારો અને પ્રોફેશનલ્સને શેરબજારમાં લાંબા ગાળાનું રોકાણ કરવું મુશ્કેલની સાથે સાથે ફાયદાકારક કેમ છે? અને એના માટે શું કરી શકાય? તે સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, વિકસિત દેશોમાં વેલ્થ ક્રિએશન ઘણી રીતે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ માત્ર વ્યક્તિઓ અને વ્યવસાયો માટે જ નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રના વિકાસ અને સસ્ટેનેબલ ગ્રોથ માટે પણ ફાયદાકારક છે. વેલ્થ ક્રિએશન એ ઇન્વેસ્ટમેન્ટ અને બિઝનેસ એક્ષ્પાન્શન જેવી આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. વેલ્થ ક્રિએશન સમગ્ર દેશની આર્થિક વૃદ્ધિ, રોજગાર, ઇનોવેશન અને જીવનધોરણમાં સુધારો કરીને સમૃદ્ધિ તરફ દોરી જાય છે. વધુમાં તેમણે કહયું હતું કે, ગુજરાત એ ભારતનું ઇકોનોમિક સોલ્જર છે.

શ્રી અનિલ સિંઘવીએ જણાવ્યું હતું કે, 'હાલમાં જ્યારે શેર માર્કેટ રોજે–રોજ નવી ઊંચાઈએ પહોંચી રહ્યું છે, ત્યારે આપણે પોઝિટીવ રહીને દેશની કંપનીઓના ઘડતરમાં રોકાણ કરવું જોઈએ. અનેક લોકોના મનમાં ભય છે કે માર્કેટ વર્ષ ૨૦૦૮ની જેમ નીચે આવી શકે છે. ઈતિહાસને યાદ રાખવું જોઈએ, પરંતુ તેને પકડીને ભવિષ્યના નિર્ણય લેવા જોઈએ નહીં. શેર માર્કેટમાં પોઝિટીવ રહીને લાંબા ગાળાનું રોકાણ કરવું જોઈએ. વિશ્વમાં રોજબરોજ અનેક ઘટનાઓ બને છે, તેમને ધ્યાને રાખીને સુચારુ સમયે માર્કેટમાં રોકાણ કરીશું તેવું આયોજન કરતા માર્કેટ તે સમય સુધી બે–ત્રણ ગણું ઊંચાઈ પર પહોંચી શકે છે.'

તેમણે જણાવ્યું હતું કે, 'સારી વેલ્થ ક્રિએટ કરવા માટે બે કાર્યો કરી શકાય છે, પહેલું, સારો બિઝનેસ કરવો અને બીજું, સારા બિઝનેસ કરતા શેરમાં રોકાણ કરવું. શેર માર્કેટની બાબતમાં એક વાત ધ્યાને લેવી કે, When you believed, you will see it. હાલમાં જ્યારે વિશ્વના અન્ય દેશોમાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્રની સ્થિતિ કથળેલી છે, ત્યારે દેશમાં ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર માટે રિલીફ આપવી જોઈએ, જેથી ટેક્ષ્ટાઈલ ક્ષેત્રે નોંધનીય વૃદ્ધિ કરી શકાશે.'

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રિટેઈલ રોકાણકારે વધુ રિસ્ક લેવું નહી જોઈએ. એવી કંપનીઓના શેરમાં રોકાણ કરવું જોઈએ, જેના વિશે વિસ્તૃત માહિતી હોય. લાંબા ગાળાના રોકાણનું આયોજન કરતી વખતે રિટર્ન ધીમે–ધીમે વધશે તે વાતનું ધ્યાન રાખવું જોઈએ.

શ્રી અનિલ સિંઘવીએ કહયું હતું કે, દેશમાં ભલે સરકાર ઉત્તર પ્રદેશથી બનતી હોય છે પણ ભારતની રાજસત્તા પણ ગુજરાતથી જ છે અને આર્થિક સત્તા પણ ગુજરાતથી જ છે. ગુજરાતે, દેશને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી આપ્યા, સરદાર વલ્લભભાઇ પટેલ ગુજરાતથી જ છે, મોરારજી દેસાઇ અને હવે ત્રીજી વખત વડાપ્રધાન બનનાર નરેન્દ્રભાઇ મોદી પણ ગુજરાતે જ આપ્યા છે. મુકેશ અંબાણી અને ગૌતમ અદાણી પણ ગુજરાતથી જ છે. ગુજરાતમાં પાવર અને પૈસો બંને છે. દેશ હવે ત્રીજી નહીં પણ વિશ્વની પ્રથમ આર્થિક મહાસત્તા બનવાની દિશામાં પ્રયાણ કરી રહયો છે.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ, JITO સુરતના એડવાઇઝર શ્રી પ્રદીપ કુમાર સિંગી, JITO સુરતના ચેરમેન શ્રી મિલન પરીખ, V Transના શ્રી અશોક શાહ ઉપરાંત ૧૫૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકો, રોકાણકારો અને પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા.

મહેતા વેલ્થ લિમિટેડના ફાઉન્ડર અને ગૃપ સીઇઓ શ્રી કૃણાલ મહેતાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ વકતાશ્રીનો પરિચય આપ્યો હતો. ચેમ્બરની કેપીટલ એન્ડ

કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતે ઝી બિઝનેસના મેનેજિંગ એડિટર શ્રી અનિલ સિંઘવીએ ઉદ્યોગકારો, રોકાણકારો અને પ્રોફેશનલ્સના શેરબજારમાં રોકાણ સંબંધિત વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.